## સોનગઢના હિરાવાડીમાં લગ્નના માહોલમાં ઘરનાં તાળાં તૂટ્યાં

**લગ્ન** પ્રસંગની ભીડનો લાભ લઈ તસ્કરો 30,500ની રોકડ ચોરી કરી ગયા

સોનગઢ: સોનગઢના હિરાવાડી ગામે લગ્ન પ્રસંગની ધમાલ વચ્ચે તસ્કરોએ કસબ અજમાવ્યો હોવાની ઘટના સામે આવી છે. ગામના ડેરી ફળિયામાં એક જ રાત્રિ દરમિયાન ત્રણ અલગ-અલગ ઘરોને નિશાન બનાવી અજાણ્યા ચોરો કુલ 30,500ની રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ ગયા છે.

મળતી માહિતી મુજબ ગત તા.17/4/2026ના રોજ હિરાવાડી ગામના ડેરી ફળિયામાં નીતેશભાઈ ગામીતના લગ્નનો પ્રસંગ હતો. આ પ્રસંગમાં વ્યસ્ત પરિવારોને ત્યાં રાત્રે 9થી 11ના અરસામાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો. તસ્કરોએ અત્યંત ચાલાકીપૂર્વક ત્રણ મકાનમાં પ્રવેશ કર્યો હતો, જેમાં સંદીપભાઈ ગામીતના ઘરની બારીના સળિયા તોડી અંદર પ્રવેશેલા ચોરોએ કબાટમાં રાખેલો બચતનો ડબ્બો, જેમાં 20,000 રોકડા હતા તેની ચોરી કરી હતી. આ ઉપરાંત દાઉદભાઈ ગામીતના ઘરના છત પરના નળિયા ખસેડી અંદર પ્રવેશ કરી કબાટમાંથી 10,000ની મતા ચોરી લીધી હતી, જ્યારે રમીલાબેન ગામીતના ઘરે પણ બારીના સળિયા તોડી કબાટમાં રાખેલા 500ની ચોરી કરવામાં આવી હતી. આ અંગે ફરિયાદી સંદીપભાઈ છનાભાઈ ગામીતે સોનગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. લગ્ન પ્રસંગમાં વ્યસ્ત હોવાને કારણે ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હોવાનું જણાવાયું હતું. હાલ સોનગઢ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સુગરનો વહીવટ રાજકીય આગેવાનોના હાથમાં આવતાં ખેડૂતોને સીધું નુકસાન

**સુગર** મિલોમાં ઊભી થયેલી પરિસ્થિતિ ચિંતાજનક



બારડોલી: આજના સમયમાં સહકારી ક્ષેત્ર, ખાસ કરીને સુગર મિલોમાં ઊભી થયેલી પરિસ્થિતિ ચિંતાજનક બની રહી છે. સુગર મિલોનો વહીવટ જ્યારે ખેડૂતકેન્દ્રીત અને વ્યવસાયિક દૃષ્ટિકોણથી દૂર જઈને રાજકીય આગેવાનોના હાથમાં ગયો છે, ત્યારે તેનું સીધું નુકસાન ખેડૂત, મજૂર અને સમગ્ર સંસ્થાને ભોગવવું પડે છે.

બારડોલી સુગરના શેરના ભાવમાં ઘટાડો, વ્યારા સુગરના મજૂરોના મહેનત-પરસેવાના રૂપિયા બાકી રહેવું, મહુવા સુગરના ખેડૂતને શેરડીના યોગ્ય ભાવ ન મળવો, આ બધું કોઈ એક દિવસમાં થયું નથી. આ સ્થિતિ પાછળ મુખ્ય કારણ છે અણઆવડત ભરેલો વહીવટ, ગેરવ્યવસ્થા અને રાજકીય હસ્તક્ષેપ. જ્યાં સંસ્થાના વિકાસ અને પારદર્શકતા પર ધ્યાન આપવું જોઈએ, ત્યાં ઘણી જગ્યાએ આખો દિવસ ઓફિસોમાં માત્ર રાજકારણ જ ચાલે છે અને આખો દિવસ કાવાદાવા કરી કોને ક્યાં ઠેકાણે લગાવી દેવો, કોને ક્યાં ઊંધો પાડવો જેવા મુદ્દે જ ચર્ચા ચાલતી હોય છે. જેથી વાસ્તવિક મુદ્દાઓ પાછળ ધકેલાઈ જાય છે.

પહેલા બિનરાજકીય અને દૃઢ નેતૃત્વ ધરાવતા વ્યક્તિઓ વહીવટમાં હતા, ત્યારે સંસ્થા મજબૂત અને સ્થિર હતી. ખેડૂતોમાં વિશ્વાસ હતો, સંસ્થાની પ્રતિષ્ઠા ઊંચી હતી. પરંતુ આજે પરિસ્થિતિ ધીમે ધીમે બદલાઈ રહી છે, અને તેનો મુખ્ય કારણ છે વહીવટમાં રાજકીય પ્રભાવનો વધારો. બીજી તરફ કામરેજ સુગરનું ઉદાહરણ પ્રેરણાદાયક છે. ત્યાં બિનરાજકીય નેતૃત્વ હેઠળ, પ્રમુખ અશ્વિનભાઈ પટેલના માર્ગદર્શનથી સંસ્થાએ ખેડૂતને શેરડીના સૌથી વધુ ભાવ ચૂકવી ઈતિહાસ રચ્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે જો નેતૃત્વ નિષ્પક્ષ, પારદર્શક અને ખેડૂત હિતમાં કામ કરનાર હોય, તો સહકારી સંસ્થા કેટલી સફળ થઈ શકે છે. અશ્વિનભાઈ સંપૂર્ણ સુગરના વહીવટમાં રચ્યાપચ્યા જ રહે છે જેનું આ ફળ છે.

### પ્રમાણિક વ્યક્તિના હાથમાં સુકાન સોંપવામાં આવે

ખેડૂતો જણાવી રહ્યા છે કે, હવે સમય આવી ગયો છે કે, સહકારી સંસ્થાઓને રાજકારણથી દૂર રાખવામાં આવે અને લાયકાત ધરાવતા અને પ્રમાણિક વ્યક્તિના હાથમાં સુકાન સોંપવામાં આવે. લાયકાત અને પ્રામાણિકતાને પ્રાથમિકતા આપવામાં આવે, ખેડૂત અને મજૂરના હિતને કેન્દ્રમાં રાખીને નિર્ણયો લેવામાં આવે, નહીં તો સહકારી સંસ્થાના આધારસ્તંભ ધીમે ધીમે ખોખલો થઈ જશે – અને તેનું નુકસાન આખા ગ્રામીણ અર્થતંત્રને ભોગવવું પડશે.

### હાલની હકીકત

આજે ઘણી સુગર મિલોમાં હકીકત એ છે કે, વહીવટ કરતાં વધુ રાજકીય દાવપેચ પર ભાર આપવામાં આવે છે, નિર્ણયો વિકાસને બદલે વ્યક્તિગત લાભને ધ્યાનમાં રાખીને લેવાય છે અને ખેડૂત અને મજૂર બંનેના હિતોને અવગણવામાં આવે છે

## ચોખાના ભુસાની આડમાં રૂ.34.69 લાખના વિદેશી દારૂની હેરાફેરી



હિતેશ પટેલ

**માંડવીના** ઝરપણ ટોલ નાકે સુરત ગ્રામ્ય LCBની સફળ કાર્યવાહી

માંડવી, પલસાણા: સુરત એલસીબીએ બાતમીના આધારે માંડવીના અરેઠ પાસે આવેલા ઝરપણ ટોલટેક્સ નજીક વોચ ગોઠવી ચોખાના ભુસાની આડમાં હેરાફેરી કરાતો વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે આઈસર ટેમ્પો અને દારૂ સહિત કુલ રૂ.34.69 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સની ધરપકડ કરી છે. જ્યારે દારૂ મોકલનાર અને મંગાવનાર શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

ઘટનાની વિગતો મુજબ સુરત ગ્રામ્ય LCBને ખાનગી રાહે બાતમી મળી હતી કે, વલસાડના નાનાપોંઢાથી ધરમપુર-વાંસદા થઈ એક આઈસર ટેમ્પો નં.(GJ-15-AT-7590)માં વિદેશી દારૂનો જથ્થો ભરી આણંદ તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે LCB ટીમે ઝરપણમાં ટોલટેક્સ પાસે વ્યૂહાત્મક નાકાબંધી કરી હતી. દરમિયાન બાતમી મુજબનો ટેમ્પો આવતાં જ પોલીસે તેને આંતરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં ટેમ્પોમાં ઉપરના ભાગે ચોખાના ભુસાની બોરીઓ ભરેલી જોવા મળી હતી, પરંતુ પોલીસે ઝીણવટભરી તપાસ કરતા બોરીઓની નીચેથી વિદેશી દારૂની નાની-મોટી બોટલો ભરેલી પેટીઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે ઘટના સ્થળેથી દારૂનો જથ્થો, આઈસર ટેમ્પો અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.34,69,000નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પોલીસે ટેમ્પો ચાલક ધર્મેન્દ્ર વર્મા અને ક્લીનર બ્રિજેશ વર્મા (બંને રહે.,ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં આ દારૂનો જથ્થો આણંદ પહોંચાડવાનો હોવાની કબૂલાત કરી છે. જેના પગલે પોલીસે દારૂ ભરાવનાર અને મંગાવનાર અન્ય આરોપીઓને વોન્ટેડ જાહેર કરી આ રેકેટમાં અન્ય કેટલા શખ્સો સંડોવાયેલા છે તે દિશામાં વધુ તપાસ તેજ કરી છે.

## બારડોલી નગરપાલિકામાં 70 ટકા ઉમેદવાર પ્રથમવાર ચૂંટણી લડશે

**૩૦ જેટલા** ઉમેદવારો ૩૦ વર્ષ કે તેથી ઓછી વયના

**ચૂંટણી** માટે તૈયારીઓને આખરી ઓપ, ઈવીએમ મશીનો સ્ટ્રોંગ રૂમમાં મુકાયાં



બારડોલી: બારડોલી નગરપાલિકાની આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સામાન્ય ચૂંટણી માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ચૂંટણી પ્રક્રિયાને શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે સંપન્ન કરવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે સોમવારે ઈવીએમ મશીનોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. બારડોલી નગરના ૯ વોર્ડની કુલ ૩૬ બેઠક માટે આ ચૂંટણી યોજાનાર છે, જેમાં શહેરના ૪૧,૬૬૯ જેટલા નોંધાયેલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. સમગ્ર મતદાન પ્રક્રિયા માટે તંત્ર દ્વારા ૪૬ મતદાન કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. આજે આ તમામ કેન્દ્રો માટેના ઈવીએમ મશીનો અને વધારાના ૧૦ ટકા રિઝર્વ મશીનોની ચકાસણી પૂર્ણ કરીને તેને કડક સુરક્ષા વ્યવસ્થા અને જાપ્તા હેઠળ સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવામાં આવ્યા છે. આ ચૂંટણીમાં કુલ ૩૬ બેઠકો માટે ૭૯ ઉમેદવાર મેદાનમાં છે, જેમના ભાવિનો નિર્ણય મતદારો દ્વારા કરવામાં આવશે.

વિશેષ વાત એ છે કે, કુલ ઉમેદવારો પૈકી ૭૦ ટકા જેટલા ઉમેદવારો પ્રથમવાર ચૂંટણી લડી રહ્યા છે અને ૩૦ જેટલા ઉમેદવારો ૩૦ વર્ષ કે તેથી ઓછી વયના છે, જે આ ચૂંટણીમાં યુવા નેતૃત્વનું પ્રભુત્વ દર્શાવે છે.

વોર્ડ નં.૬માં સૌથી વધુ ઉમેદવારો વચ્ચે મુકાબલો હોવાથી તે વોર્ડનું પરિણામ ખાસ ચર્ચાનો વિષય બન્યું છે. હાલનાં રાજકીય સમીકરણો મુજબ બારડોલીમાં મુખ્ય જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હોવાની પ્રબળ સંભાવનાઓ સેવાઈ રહી છે, જેના કારણે મતદારોમાં અને રાજકીય વર્તુળોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

## ખોલવડના રત્નકલાકારે ફોરેક્સ ટ્રેડિંગમાં 21.55 લાખ ગુમાવ્યા

**અર્પિતા** પટેલે મિત્રતા વધારવા લગ્ન કરવાની પણ વાત કરી હતી

**શરૂઆતના** ટ્રેડિંગમાં નફો બતાવી લાખોનું રોકાણ કરાવી દીધું

કામરેજ: ખોલવડ પાસે બંસરી લકઝરીયામાં રહેતા રત્નકલાકારને ઓનલાઈન એક મહિલાએ વાતમાં ભેરળવી દઈને ફોરેક્સ ટ્રેડીંગમાં સારો નફો આપવાની લાલચે રૂ.21,55,092 ખખેરી લીધી હતા.

મૂળ ભાવનગર જિલ્લાના અમૃતવેલ ગામના વતની અને રત્નકલાકાર પ્રકાશ લલ્લુભાઈ સુરાણી હાલ કામરેજ તાલુકાના ખોલવડ ગામની હદમાં બંસરી લકઝરીયામાં ફ્લેટ નંબર એચ 401 માં રહે છે. ગઈતારીખ 26 ઓક્ટોબરે ફેસબુક ઉપર અર્પીતા પટેલ નામની આઈ.ડી પર તેમને ફ્રેન્ડ રીકવેસ્ટ આવી હતી. જે તેમણે સ્વીકાર્યા બાદ બંને વચ્ચે વોટ્સએપ અને વીડિયોકોલથી વાતચીત શરુ થઈ હતી. બંને વચ્ચે મિત્રતા થયા પછી અર્પીતા પટેલે તે મીરારોડ મુંબઈ ખાતે રહેતી હોવાનું જણાવી લગ્ન કરવાની વાત પણ કરી હતી. ત્યારબાદ તેણે તે ફોરેક્સ ટ્રેડિંગ કરે છે અને તેમાં સારો નફો મળે છે તેમ કહી પ્રકાશ સુરાણીને પણ રોકાણ કરવા જણાવ્યું હતું. તેઓ તૈયાર થતાં તેણે ભાવેશ નામની વ્યક્તિનો નંબર તેમને આપ્યો હતો. ભાવેશ સાથે વાત થતાં તેણે નફાના 30 ટકા કમીશન આપી તમે નફો કાઢી શકો છો તેવી વાત કરી હતી.બાદમાં અર્પીતાએ બાઈના નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી.

કોન્ટ્રાકટ કરાવીને રૂ.30,000 ફોન પે થી ઈન્વેસ્ટ કરવા માટે આપ્યા હતા. જેમાંથી રૂ.41,491 પરત આપ્યા હતા. આમ વારંવાર કોન્ટ્રાકટ કરાવી નફો સારો બતાવ્યો હતો. બાદમાં 30 ટકા કમીશન પહેલા આપવુ પડશે તેમ કહીને અલગ અલગ તારીખે નફો બતાવી કુલ રૂપિયા 21,55,092 લાખ ટ્રાન્સફર કરાવી દીધા હતાં જે વિડ્રો નહીં થતાં રત્નકલાકારે કામરેજ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી.

## ગડતમાં ટેમ્પોએ બાઈક પર સવાર દંપતીને અડફેટમાં લીધું, પત્નીનું મોત

**પતિને** ગંભીર હાલતમાં સુરત નવી સિવિલ હોસ્પિટલમાં રિફર કરાયો

વ્યારા: ડોલવણ તાલુકામાં વાપી-શામળાજી નેશનલ હાઈવે નં.56 પર ગડત ગામની સીમમાં પૂરઝડપે જઈ રહેલ છોટા હાથી ટેમ્પોએ મોટરસાઈકલ પર જઈ રહેલા દંપતીને ટક્કર મારતાં મહિલાનું હોસ્પિટલમાં લઈ જતાં મોત નીપજ્યું હતું.

જ્યારે બાઈક ચાલકને ગંભીર ઈજા થતાં વ્યારા રેફરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ચંદ્રસિંગ ઉર્ફે ચંદુભાઈ લક્ષ્મણભાઈ ગામીત (ઉં.વ.55) (રહે.,જૂનું નાકા ફળિયું, ગડત, તા.ડોલવણ, જિ.તાપી) પત્ની ચંપાબેન (ઉં.વ.52) ગત તા.19-4-2026 ને રવિવારે સવારે પોતાની મોટરસાઈકલ નં.(GJ-26-D-6497) લઈને બુટવાડા જઈ રહ્યા હતા. દરમિયાન ગડત ગામની સીમમાં આમલી પાસે છોટા હાથી ટેમ્પો નં.(GJ 16-AU-0845)ના ચાલક મોહમ્મદ અબથાયર સિકંનથાર રાઉતર (રહે.,જીઈબી શોએબભાઈની વાડીમાં, વાલોડ, જિ.તાપી, મૂળ રહે.,7/163 નાગમલ કોવીલ સેકન્ડ સ્ટ્રીટ વેમ્બર પટ્ટી, તા.નત્તમ, જિ.દિગ્ગીગલ, તામિલનાડુ)એ પોતાનો ટેમ્પો પૂરઝડપે રીતે હંકારી લાવી મોટરસાઈકલ પર જઈ રહેલ દંપતીને ટક્કર મારી દીધી હતી. આ ઘટનામાં બાઈક સવાર દંપતીને ગંભીર ઈજા થતાં 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે વ્યારા રેફરલ હોસ્પિટલમાં લઈ જતાં મહિલાનું મોત નીપજ્યું હતું. તેમજ બાઈક ચાલક ચંદુભાઈને ગંભીર હાલતમાં સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

પોલીસે દંપતીના 23 વર્ષીય પુત્ર ચિંતનકુમારની ફરિયાદ નોંધી ટેમ્પો ચાલક આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## બારડોલીમાં ચોરીની બાઈક સાથે ચોર ગટરમાં ખાબક્યો



**ગ્રામજનોએ** ચોરીના આરોપીને પોલીસને સોંપ્યો, પોલીસે બેની ધરપકડ કરી

બારડોલી : બારડોલીના જુનવાણી ગામે ભાટી ફળિયામાંથી ધોળા દિવસે બે મોટર સાઈકલ ચોરી કરીને ભાગી રહેલા બે શખ્સો પૈકી એક શખ્સ મોટર સાઈકલ સાથે ગટરમાં પડતાં ગ્રામજનોએ એકને ઝડપી પાડી પોલીસને હવાલે કર્યો હતો. પૂછપરછ બાદ પોલીસે અન્ય એક આરોપીને પણ પકડી લઈ તેમની પાસેથી બે મોટર સાઈકલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલીના જુનવાણી ગામની સીમમાં ભાટી ફળિયામાં રહેતા ખેડૂત અને મૂળ તેલંગાણાના સૂર્યપેટા જિલ્લાના ગટ્ટીકલ ગામના વતની વૈંકન્ના સત્યા મટ્ટીની (ઉ.વ.૪૬) ઘર નજીકથી બાઈક ચોરાઈ હતી. તેની સાથે બીજો એક શખ્સ પણ અન્ય વ્યક્તિની મોટર સાઈકલ ચોરી કરી ગયા હતા. આ દરમ્યાન વૈંકન્ના સત્યા મટ્ટીની મોટર સાઈકલ ચોરી કરનાર શખ્સે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં તે રોડની સાઈડે ગટરમાં પડી ગયો હતો.

સ્થાનિકો દોડતા જાણવા મળ્યું હતું કે આ શખ્સ મોટર સાઈકલ ચોરી કરીને ભાગી રહ્યો હતો. ઘટનાની જાણ થતાં જ વૈંકન્ના સત્યા મટ્ટી પણ સ્થળ પર પહોંચ્યા હતા અને સમગ્ર ઘટના અંગે બારડોલી ગ્રામ્ય પોલીસને જાણ કરી હતી. પોલીસે મોટર સાઈકલ સાથે તેની અટક કર્યા બાદ પૂછપરછ કરતાં બીજી બાઈક પણ તેની સાથેના શખ્સે ચોરી કરી હોવાનું જણાવ્યુ હતું. પોલીસે બંને યુવકો સુભાષ વિજયબહાદુર ખુશીયાલ યાદવ (ઉ.વ.25, હાલ રહે નાની ભટલાવ, આંબાવાડીમાં, તા. બારડોલી, મૂળ રહે બદલાપૂર, જી.જોનપુર, ઉત્તરપ્રદેશ) અને ચેતન નારણભાઈ ચૌધરી (ઉ.વ.50 રહે નાની ભટલાવ, તા. બારડોલી) ની ધરપકડ કરી તેમની પાસેથી બે મોટર સાઈકલ કિંમત રૂ. 20 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

### દેરોલ ચોકડી પાસે દારૂના નશામાં ધૂત બાઈક ચાલક ઝડપાયો

ભરૂચ: જિલ્લામાં દારૂબંધીના કડક અમલ વચ્ચે રૂરલ પોલીસે દેરોલ ચોકડી પાસેથી વ્હાલુ ગામના જગદીશ વસાવાને નશામાં ધૂત હાલતમાં ઝડપી પાડ્યો છે. આરોપી પૂરઝડપે બાઈક ચલાવી રાહદારીઓના જીવ જોખમમાં મૂકી રહ્યો હતો. પોલીસે તેની અટકાયત કરી GJ 16-AL-8750 નંબરની બાઇક કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

### આમોદમાં મગર પાંજરે પુરાતાં લોકોને રાહત



ભરૂચ: આમોદ તાલુકામાં મગરના હુમલાની ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. અશરફ પટેલ નામનો યુવાન તળાવ નજીક પશુઓ ચરાવવા ગયો હતો ત્યારે હુમલો કર્યો હતો. આ ઘટનાને પગલે ગામમાં ભય અને આતંકનો માહોલ સર્જાયો હતો. ગ્રામજનો તળાવની નજીક જવાથી પણ ડરવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. લાંબી મહેનત બાદ તળાવમાંથી મગરને પકડી પાંજરે પૂરવામાં આવ્યો છે. વન વિભાગની આ કાર્યવાહી બાદ જનતાએ રાહતનો શ્વાસ લીધો છે.

### ભરૂચમાં દારૂ સાથે બુટલેગર ઝડપાયો

ભરૂચ: ઝાડેશ્વર દુબઈ ટેકરી વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે છાપો મારી એકને દારૂ સાથે ઝડપી પાડ્યો હતો. કરણ દિલીપભાઈ વસાવા (ઉ.વ.31) છે, જે ઝાડેશ્વરની દુબઈ ટેકરી ખાતે રહે છે. પોલીસને બાતમી મળી હતી કે આરોપી પોતાના ફળિયામાં વિદેશી દારૂનું વેચાણ કરે છે. તપાસ દરમિયાન આરોપી પાસેથી 12 દારૂની બોટલ મળી આવી છે. જેની કિંમત રૂ. 2,160 થાય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંગરોળ તાલુકામાં ડમ્પર ચાલકો બેફામ બન્યા



વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના વાંકલ કોલેજ અને વાંકલ-આમખૂટા જવાના જાહેર માર્ગ પર રાત્રિના સમયે બેફામ દોડતી ટ્રકમાંથી ખલવાઈ પડી હતી. બેફામ દોડતાં ડમ્પરો અન્ય વાહન ચાલકો માટે માથાના દુખાવા સમાન બન્યા છે. જાહેર રસ્તા પર માટી ઠાલવતા વાહન ચાલકોએ પરેશાનીનો સામનો કર્યો હતો. બેફામ બનેલાં ડમ્પરો તાડપત્રી નહીં બાંધતાં જાહેર રસ્તા પર અવારનવાર રેતી, કપચી અને માટી થલવાઈ જાય છે. તાડપત્રી વગર દોડતાં ડમ્પરો અન્ય વાહન ચાલકો માટે આફત બની રહ્યા છે.

### માંડવી સિનિયર સિટિઝન ક્લબના પ્રમુખ પદે વિજય પાઠકની વરણી



હિતેશ પટેલ

માંડવી: માંડવી સિનિયર સિટિઝન ક્લબની વાર્ષિક સભામાં આગામી વર્ષ માટે નવી કાર્યકારી સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં પ્રમુખ તરીકે વિજયભાઈ પાઠકની સર્વાનુમતે પસંદગી કરાઈ છે. કાર્યક્રમની શરૂઆતમાં દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ અપાયા બાદ, મંત્રી કનકસિંહ ગોહિલે ગત વર્ષનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે સંસ્થા દ્વારા 75 વર્ષ પૂર્ણ કરનાર વરિષ્ઠ નાગરિકોનું શાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત પ્રમુખ ભાલચંદ્ર પુરોહિત અને અગ્રણી પ્રવીણસિંહ મહિડાએ પ્રાસંગિક પ્રવચન દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. દરમિયાન ડો.વાસુદેવભાઈ જોખાકરે નગરપાલિકા દ્વારા નિર્મિત સિનિયર સિટિઝન હોલનો કબજો ક્લબને વહેલી તકે સોંપવા માંગ કરી હતી. જતીનકુમાર શાહે સંચાલિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વડીલો ઉપસ્થિત રહ્યા હતા. નવી સમિતિમાં ઉપપ્રમુખ અને મંત્રી સહિતના પદાધિકારીઓની પણ નિમણૂક કરવામાં આવી છે.

### બારડોલી પલવાડા સિનિયર સિટિઝન સેવામંડળના નવા પદાધિકારીઓ નિમાયા

બારડોલી: બારડોલીના પલવાડા ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારના વરિષ્ઠ નાગરિક મંડળની યોજાયેલી સામાન્ય સભામાં આગામી અવધિ માટે નવા પદાધિકારીઓ નિમાયા હતા. મંડળના પ્રમુખ ભગીરથ નાયક અને મંત્રી અમર શુક્લ, જયપ્રકાશ વ્યાસ વગેરેની ઉપસ્થિતિમાં બારડોલીની બ્રાહ્મણ સમાજ વાડી ખાતે યોજાયેલી સામાન્ય સભામાં એજન્ડા મુજબનાં કામોને બહાલી આપ્યા બાદ આગામી અવધિ માટે નવા પદાધિકારીઓની નિમણૂકની કામગીરી શરૂ કરતાં સમાજના મોટી સંખ્યામાં ઉપસ્થિત વરિષ્ઠ નાગરિકોની સર્વસંમતિ સાથે પ્રમુખ પદે અતુલ એસ.વ્યાસ, ઉપપ્રમુખ પદે ધવલ નાયક તથા ડો.રાજેશ અધ્વર્યુ, મંત્રી પદે અમર શુક્લ, સહમંત્રી પદે જયેશ વ્યાસ તથા કોષાધ્યક્ષ પદે ભરત નાયકની વરણી તથા અન્ય કારોબારી સભ્યોની નિમણૂક જાહેર કરાઈ હતી. આ કાર્યક્રમમાં પરંપરા મુજબ નવા જોડાયેલા સભ્યોનું સન્માન તથા ગત 3 માસ દરમ્યાન જન્મદિવસ ધરાવતા સભ્યોને સ્મૃતિભેટ આપી સન્માનિત કરાયા હતા. મિટિંગના અંતે તમામે રુચિકર ભોજન ગ્રહણ કર્યું હતું. પ્રત્યેક 3 મહિને યોજાતી મિટિંગમાં વરિષ્ઠ નાગરિકો મોટી સંખ્યામાં ઊમટ્યા હતા.

### આંગલધરા ગામે નહેરમાંથી અજાણી મહિલાની લાશ મળી

અનાવલ: અંબિકાના આંગલધરાની સીમમાંથી પસાર થતી નહેરના પાણીમાંથી અજાણી મહિલાની લાશ મળી આવતાં ચકચાર મચી હતી.

ગતરોજ બપોરના સમયે આંગલધરા ગામની સીમમાંથી વહેતી ઉકાઈ ડાબા કાંઠાની નહેરની ચાપલધરા ડિસ્ટ્રિક્ટ ખેતીવાડી નહેરના પાણીમાંથી આશરે ૫૦થી ૫૫ વર્ષની જણાતી એક અજાણી મહિલાની ડૂબી ગયેલી હાલતમાં લાશ મળી આવી હતી. વાંસદાના ખાંભલા ગામે રહેતા જલ્કુ માધ્યા પટેલે અનાવલ પોલીસને જાણ કરતાં પોલીસે લાશનો કબજો લઈ જરૂરી કાર્યવાહી સાથે મરનાર મહિલાના વાલી વારસોની તપાસ તથા મહિલાની ઓળખ શોધવાના પ્રયત્નો શરૂ કર્યા છે.

### ચેક બાઉન્સ કેસમાં આરોપી ઝડપાયો

વાલોડ: વાલોડ ખાતે રહેતા શખ્સને ચેક બાઉન્સ કેસમાં કોર્ટે સજા ફટકારી હતી. જે આરોપીને વાલોડ પોલીસની ટીમે તેના ઘર નજીકથી દબોચી લઈ લાજપોર જેલ ખાતે મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ વાલોડ ખાતે કોઠી ફળિયું, આઈ.ટી.આઈ. પાછળ રહેતા લક્ષ્મણભાઈ છનાભાઈ હળપતિ (ઉં.વ..48)ને ચેક બાઉન્સ કેસમાં નેગોસિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138 મુજબ બારડોલી કોર્ટે બે વર્ષની કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હોય, જે હુકમ વાલોડ પોલીસ સ્ટેશન ખાતે બજવણી અર્થે આવતાં વાલોડ પોલીસ સ્ટેશનના પી.આઈ. મહેશ ગિલાતર અને તેમની ટીમ આરોપીને શોધી રહી હતી. તે દરમિયાન એ.એસ.આઈ. શબીરખાન તેમજ દિગ્વિજયસિંહને બાતમી મળતાં તેઓ આરોપીના ઘર નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન તેના ઘરની બહાર આવતા જ આરોપી લક્ષ્મણ હળપતિને પોલીસે ઝડપી પાડ્યો હતો. વાલોડ પોલીસે પકડાયેલા આરોપીને લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલવાની તજવીજ હાથ ધરી છે.

### દારૂના ગુનામાં ફરાર બે આરોપી ચોરીની બાઇક સાથે ઝડપાયા

પલસાણા: LCB અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે સંયુક્ત કાર્યવાહી કરીને બાતમીના આધારે બે રીઢા ગુનેગારોને ચોરીના મોટરસાયકલ સાથે ઝડપી પાડ્યા છે. અમદાવાદથી મુંબઈ જતા નેશનલ હાઈવે નંબર 48 પર ઉંભેળ ગામની હદમાં ઓવરબ્રિજ પાસે સર્વિસ રોડ પર બે શંકાસ્પદ વ્યક્તિઓ નંબર પ્લેટ વગરના બે બાઈક સાથે ઉભા હતા. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડી મહાવીર ઉર્ફે મહેન્દ્ર ચુનીલાલ પ્રસાદ અને અશોક લાડુરામ પ્રજાપતિ નામના બે આરોપીઓની અટકાયત કરી હતી. ઝડપાયેલા શખ્સોની સઘન પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તેમની પાસેના બાઈક ભરૂચના અંકલેશ્વર સીટી એ-ડિવિઝન વિસ્તારમાંથી ચોરાયેલા હતા. આ ઉપરાંત, બંને આરોપીઓ કામરેજ, કોસંબા અને અંકલેશ્વરના દારૂના વિવિધ ગુનાઓમાં પોલીસને હાથતાળી આપી રહ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી બે હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ, બે મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ 71,360 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### ખોલવડ તાપી નદીમાંથી લાશ મળી

કામરેજ: કામરેજના ખોલવડમાં રહેતો બીપીન છગન રાઠોડ (ઉં.વ.32) બે વર્ષથી માનસિક બીમાર હોવાથી ઘરે કોઈને પણ જાણ કર્યા વિના નીકળી જતો અને બે ત્રણ દિવસમાં પરત ઘરે આવી જતો હતો. રવિવારે વહેલી સવારે ઘરેથી ઊઠીને નીકળી ગયો હતો. પરંતુ મોડી રાત્રિ સુધી ઘરે પરત ન ફરતાં પરિવારને આવી જશે. સોમવારે ઘરે ન આવતાં ગામમાં રહેતી મહિલા માછલી લેવા માટે તાપી નદી પાસે જતાં ત્યાં સ્મશાન નજીક તાપી નદીના પાણીમાંથી બીપીનનો મૃતદેહ બપોરના આશરે 1 કલાકે જોતાં બીપીનની માતાને જાણ કરી કામરેજ પોલીસને જાણ કરવામાં આવી હતી. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.